

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

ટેન્ડરને ટોડલે બેઠી ટહુકે, લાભપાંચમ !
મેટ્રોની ખરીદીમાં બેઠી ટહુકે લાભ પાંચમ !
જમીન દલાલીમાં બેઠી ટહુકે લાભપાંચમ !
એમઓયુ કરારે બેઠી ટહુકે, લાભપાંચમ !

હાઈકુ

થયાં મૂરત,
ઉમેદવારીથી જ -
લાભ-પાંચમ...

સચિવાલયે -
ખૂણે ખાંચરી બેઠી -
લાભ-પાંચમ...

### ચિંતન

*સાહસેન ન કાર્યસિદ્ધિર્ભ વતિ ।*

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

કેવળ સાહસથી જ સફળતા નથી સાંપડતી.

માત્ર સાહસિક બનવાથી કે ધનસંપત્તિ અને મિત્રો-સહાયકો હોવાથી કોઈ કાર્યમાં સફળતા નથી સાંપડતી. સફળતા મેળવવા માટે તીવ્ર-તીક્ષ્ણ બુદ્ધિની પણ આવશ્યકતા પડે છે. વ્યક્તિ ભલે ગમે તેટલી ધનિક અને સાહસિક હોય તો પણ જો તે વિચારપૂર્વક કાર્ય ના કરે તો એને તેમાં ઘોર નિષ્ફળતા જ સાંપડે છે.

ઘણા લોકો પૈસાનું બહારનું બતાવી વેપાર-વણજ કરતા નથી માત્ર ધન કે મિત્રો હોય તો જ વેપાર થાય એવું નથી. બુદ્ધિ પૂર્વકનું સાહસ હોય તો પણ વેપારમાં સફળતા મળે છે.

### સુવિચાર

- કભી કભી કીસી કો જીતેજી કન્ધા દે દીયા કિજીયે,
  જરૂરી નહીં હર રસ્મ મૌત કે બાત હી નીભાઈ જાયે - **અંજુમન**
- ભવિષ્ય પણ વર્તમાનને આધારિત છે... વર્તમાનમાં કરેલા કર્મો જ ભવિષ્યનું રોકાણ છે - **જીવનસૂત્ર**
- અશુદ્ધતા હોય ત્યારે સાધનાનો માહોલ બનવો પણ અસંભવ છે - **જીવનદર્શન**
- જીવનની બધી ગ્રંથિઓ છૂટે ત્યારે બધામાં શુદ્ધ-બુદ્ધનાં દર્શન થાય છે,
  જગત-જગદીશ એક લાગે છે - **બોધિવૃક્ષ**
- જયારે ગર્વની શરુઆત થાય છે ત્યારે પતનનો પ્રારંભ થાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- રિસાઈ ગયેલી ખામોશી કરતા... બોલતી ફરિયાદ ખરેખર સારી હોય છે - **જગદીશ ત્રિવેદી**
- આજનું ઔષધ : કપૂર કાચલીનું ચૂર્ણ ૨ થી ૩ ગ્રામ પાણી સાથે લેવાથી ઉલ્ટી મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

હિમાલયની તળેટીમાં કથા ચાલતી હતી. સાચા સંત કથા કરે. સંત એકદમ ખડતલ તથા મજબૂત બાંધાના હતા. ત્યાંથી એક ગોરો અમલદાર પસાર થયો. એને સંતની મશ્કરી કરવાનું મન થયું. ગોરાએ સંતને કહ્યું, 'મહારાજ, શરીર તો તાકાત વાળું લાગે છે, શું તમારું મન પણ એવું મજબૂત ખરું ? સંત તો સાત્ત્વિક શાકાહારી હતા અને ગોરાની મજાક સમજી ગયા. પણ ઘોડો ટસથી મસ ન થયો. કેમે કરીને ચાલી શકે નહીં. ગોરાએ પાછળ જોયું તો સંતે ઘોડાની ગાડી જોરથી પકડી રાખેલી એટલે ગાડી ચાલી શકે નહીં : ગોરાએ કહ્યું, 'આ શું કરો છો ??'

સંતે કહ્યું, આપના સવાલનો જવાબ આપુ છું. અમને નાહક તમારી સાથે વિવાદમાં પડવાની આદત નથી. મારી તન અને મનની શક્તિ આપ જોઈ લો એને શાકાહારનો મહિમાં પણ સમજીલો.' ગોર અમલદાર સંતનો મિત્ર બન્યો અને આજીવન માંસાહાર ત્યજી શાકાહારી બન્યો.

# કોંગ્રેસની દશા સુધરતી જાય છે

ઘણા લાંબા વખત સુધી અકળ રહ્યા બાદ ક્ષત્રિય ઠાકોર સેનના યુવાન સૂત્રધાર અલ્પેશજી ઠાકોરે કોંગ્રેસમાં પ્રવેશ કરવાનો નિર્ણય જાહેર કરી કોંગ્રેસની નેતાગીરીને ગુજરાતની ચૂંટણી પૂર્વે વિશેષ આશાવાદી બનાવી દીધી છે. રાહુલ ગાંધી સાથે આત્મીયતા કેળવી આ ક્ષત્રિય નેતા કોંગ્રેસના મઝદારે ડબાક ડોકિયાં કરતા નાવડાને કિનારે પહોંચાડી શકશે કે કેમ એ તો સમય જ કહેશે, પણ ઉત્તર ગુજરાત પૂરતી તો કોંગ્રેસને ઘણી મોટી રાહત થાય એવી શક્યતા સરજાઈ છે. કોંગ્રેસ પાસે મધ્ય ગુજરાતમાં ભરતસિંહ સોલંકી જેવું મજબૂત નેતૃત્વ હતું જ, પરંતુ આ યુવા નેતાના સંપૂર્ણ સમર્થનથી સ્વાભાવિક રીતે જ ઠાકોર સમાજનો મોટો ભાગ હવે માધવસિંહ સોલંકી વખતે હતો એ રીતે કોંગ્રેસના મુખ્યમંત્રી પદના અઘોષિત ઉમેદવાર બની જશે. રાહુલ ગાંધી માટે ગુજરાત શુકનિયાળ થઈ શકે તો અત્યાર સુધી એમની જે મજાક ઉડાવાતી રહી છે તે બૂમરેંગ થઈ એમને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે ફળે એમ છે. વડાપ્રધાન મોદી વારંવાર ગુજરાત આવી ગુજરાતમાં ભાજપની સત્તા યથાવત્ રહે એવો છેલ્લી કક્ષાનો પુરુષાર્થ કરી રહ્યા છે. એમનો આત્મવિશ્વાસ ડગી ગયો હોય એવી બૉડી લેન્ગ્વેજ સૂચક છે. વિકાસની દુહાઈ દેતા રહેવાથી કે એક યા બીજા બહાના હેઠળ ચૂંટણી દૂર ધકેલવાથી બગડેલી બાજી કેટલી સુધરશે તે કહેવું મુશ્કેલ છે. વળી પૈસાના જોરે પાટીદાર આંદોલનના નેતાઓને ખરીદવાની કહેવાતી ચાલ પણ બૂમરેંગ થઈ છે. સાચું જૂઠું જે હોય તે - ભાજપ બેકફૂટ પર આવી ગયું છે.સૌથી મહત્ત્વની નોંધપાત્ર બાબત એ છે કે રાહુલ ગાંધી હવે મુદ્દાસર વાત કરવાની અને પ્રજાજનોને આકર્ષવાની કળા હસ્તગત કરી ચૂક્યા છે. તેઓ જાહેર મંચ પર કોઈ જાતનો સંકોચ કે દહેશત વગર અજાણી ઠાકોર બાળાઓએ લાવેલ મીઠાઈથી લઈ મરચું, ડુંગળી અને રોટલો ખાઈ શકે છે. પ્રજા સાથે કનેક્ટ થવાની આ ક્ષમતા ઈન્દિરાજીમાં પણ હતી, રાજીવ ગાંધીમાં પણ અને રાહુલ ગાંધીએ પણ કેળવી લીધી છે. એટલે મોદી કે શાહની 'ઈટાલીયન ચશ્માં'થી ગુજરાતને જોવાની જોક લાંબી અસર ઉપજાવી શકે એમ નથી. રાહુલ ગાંધીએ મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારના જય-શાહ-બ્રાન્ડ મુદ્દા પણ પચાવ્યા છે. વળી વિકાસનો લાભ ગરીબ જનતા સુધી નહીં પરંતુ સંપન્ન ઉદ્યોગપતિઓ પર્યંત સીમિત રહ્યો હોવાની એમની રજૂઆત કે 'જીએસટી'નું મોદી સ્ટાઈલમાં જ 'ગબ્બર સિંહ ટેક્સ' જેવું વિશિષ્ટ અર્થઘટન સૂચવે છે કે રાહુલ ગાંધી હવે અગાઉના 'પપ્પુ' નથી રહ્યા પણ પરિપક્વ (રાજ)પુરુષ બની ચૂક્યા છે - મોદીને તેઓ ગુજરાતની પ્રજાના દિલની વાત સંભળાવતા થયા છે. પડકારની ભાષામાં વાત કરતા હાર્દિક પટેલ, અલ્પેશજી ઠઆકોર અને જિજ્ઞેશ મેવાણી જેવા યુવા નેતાઓ કોંગ્રેસ માટે આશીર્વાદરુપ નીવડી શકે એમ છે. ગુજરાતમાંથી ઊઠેલા અવાજની વાત કરતાં રાહુલ ગાંધી એ તો ભૂલી જ ગયા કે એમનાં દાદીમાનું શાસન પણ ગુજરાતમાંથી ઊઠેલા અવાજે જ ડોલાવી દીધું હતું. ગુજરાતના નવનિર્માણ આંદોલનને પગલે જયપ્રકાશ નારાયણનું રાષ્ટ્રીય 'ઈંદિરા હટાવો' આંદોલન શરુ થયું હતું. ગુજરાતની આ મહત્તા મોડી મોડી પણ કોંગ્રેસના કહેવાતા હાઈકમાન્ડે સાંભળી અને સમજી છે, એટલું તો રાહુલ ગાંધીની ડાઉન ટુ અર્થ વર્તણૂકથી જરૂર ફલિત થાય છે.

*તંત્રીસ્થાનેથી...*

# પોતાને માથે સંકટ આવે તો ખબર પડે....



### નવાં કલેવર

નટવર હેડાઉ

રામજીભાઈ સરકારી હાઈસ્કૂલમાં શિક્ષક હતા. તે બીજા શિક્ષકો કરતા અલગ હતા. કલાસમાં તે કયારેય બેસતાં નહીં, ઊભા રહીને જ ભણાવતા. વિદ્યાર્થીઓમાં તેમનું ઘણું માન હતું. તેમનાં પત્ની પણ બીજી એક સરકારી શાળામાં આચાર્યા હતા. શિક્ષક દંપત્તિ પુત્રની આશામાં ને આશામાં ચાર પુત્રીઓમાં માતાપિતા બની ચૂક્યાં હતા. છતાં પુત્ર ન થયો.

ચારે દીકરીઓ શ્યામલી હતી. ચહેરે મહોરે પણ ખાસ કંઈ દેખાવડી નહોતી. માતાપિતા બંને નોકરી કરતાં હોવાથી તેમનો ઉછેર બરાબર કરી શક્યા નહીં. જયાં એક તરફ તેમની પાસે ભણી ગયેલ વિદ્યાર્થીઓ ઉચ્ચ હોદ્દા પર અનેક જીવનનાં અનેક ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી આગળ નીકળી ગયા હતા. કોઈ બેંક કે પોલીસ સેવા કે પછી વહીવટી સેવાઓમાં જોડાઈ ગયા હતાં ત્યાં તેમની પોતાની દીકરીઓ ઘર સાચવવા, સાફસૂફી અને રસોઈ બનાવવા જેવાં કામો કરતાં કરતાં સહેલા અને સરળ વિષયો લઈ બી.એ., એમ.એ. પાસ થઈ ગઈ.

મોટી દીકરી ૩૫ વર્ષની થઈ છતાં રામજીભાઈ તેનાં લગ્ન કરી શક્યા ન હતા. લગ્ન માટે જે રકમ ભેગી થાય તેને ચાર દીકરીઓના સરખે ભાગે વહેંચીને બચાવી રાખી હતી. તેમાં કોઈ એકના લગ્નનો ખર્ચ પુરો પડી શકે તેમ ન હતો. વળી જ્ઞાતિના સામાજિક વહેવારો અને લેવડદેવડમાં પણ તે પહોંચી વડે તેમ ન હતું. તેમાં દીકરીનું શ્યામળાપણું પણ નડતું હતું. આમ તેમ અખબારોમાં લગ્નની જાહેરાતો આપી અને મેરેજ બ્યુરોમાં કેટલાંય ચક્કર લગાવ્યા બાદ છેવટે એક મોટી છોકરીનાં લગ્ન માંડ નક્કી થયા લગ્નમાં ખર્ચ પણ બહુ આવ્યો નહીં. લગ્નના બે મહિના પછી છોકરી પિયર પાછી આવી ગઈ. તેની સાથે સાસુ, સસરા અને જમાઈની અનેક ફરિયાદોની લાંબી લચ્ચક યાદી પણ આવી. છોકરી પિયરમાં આખો દિવસ કોઈ વડીલની હાજરી વિના એકલી રહીને બહુ બગડી ગઈ હતી. સાસરીમાં જો કોઈ તેને સાંવળી કહે તો તે જવાબ દેતી કે મારું શામળાપણું જ મારું હથિયાર છે. જયારે ઈચ્છું ત્યારે તેના સહારે તમને સૌને જેલ ભેગાં કરી શકું એમ છું.

સાસરામાં પણ મોબાઈલથી ચેટીંગ, ફેસબુક પર પરપુરુષો સાથે મોડીરાત સુધી કોમેન્ટો કરવી અને વાંચવી, વોટ્સએપ પર ગંદી મજાકો એ બધામાં તેનું મન ભટક્યા કરતું. બપોરે અને રાતે ઓરડામાં એકલી બારણું બંધ કરી મોબાઈલમાં ડુબેલી રહેતી હતી. દિવસે રસોડામાં ગેસ પર શાક ચડતું હોય અને તે ફેસબુકમાં લાગેલી હોય. તેમાં શાક બળી જતું કે રોટલી ઘણી વખત કાચી જ રહી જતી. કામ પ્રત્યે તેની બેદરકારી એટલી હતી કે રસોઈ બનાવ્યા બાદ ગેસનું બર્નર ખુલ્લું જ રહી જતું. ગેસ નીકળતો રહેતો.

સાસરીયાંઓએ થોડા દિવસ તો બધું સહન કર્યું. પછી જયારે સાસુ એ તેની રોકટોક શરુ કરી, મોબાઈલ ઝૂંટવી લેવાની કોશિશ કરી તો એને ખુદ પોતાનું માથું દિવાલ સાથે અફળાવ્યું અને બધી બંગડીઓ ફોડી નાંખી, પછી જોર જોરથી ચીસો નાંખી બોલવા લાગી, 'હું કાળી, દુબળી છું તેથી સાસરાંવાળા મને સળગાવીને મારી નાંખવા માંગે છે.'

સસરા અને પતિએ ગમે તેમ કરી સમજાવી વહુને શાંત પાડી. થોડા દિવસ પછી તેણે પતિના બનેવીને ફસાવ્યો અને તેની પાસેથી પૈસા પડાવવાની કોશિશ કરી. તેની સાથે પણ રાતે ચેટીંગ કરવા લાગી.

પતિ સીધો હતો. તે પત્નીની દરેક વાત હળવે લઈને ટાળતો હતો. એક દિવસ સસરા પર પણ તેણે ખોટા આરોપ લગાવ્યા કે તે તેનું દૈહિક શોષણ કરવા માંગે છે. આ પ્રકારની અનેક આડી-અવળી હરકતોથી તંગ આવી જઈ કંટાળીને સાસરીવાળાઓ એક યા બીજા બહાને તેને પિયર ભેગી કરી.

હવે તેનાં પિતા રામજીભાઈનું મન ન તો ઘરમાં લાગતું હતું કે ન તો સ્કૂલમાં બાળકો ને ભણાવવામાં લાગતું. તે હવે ખુબ ચિંતા અને ટેન્શનમાં રહેવા લાગ્યા. તેમને એમ થતું હતું કે બાકીની ત્રણ છોકરીઓનું શું થશે? સરકાર કન્યાઓના જન્મને કેટલું પ્રોત્સાહન આપે છે. 'બેટી બચાવો' પણ પોતાને માથે સંકટ આવે તો ખબર પડે એ વાત રામજીભાઈની મુંઝવણ વધી પડી છે.'

# કર ભલા, હો ભલા પણ યે દિલ માંગે મોર



### ગુલમહોર

દિનેશ દેસાઈ

પ્રમુખ સ્વામી મહારાજે કહ્યું છે કે ''બીજાના સુખમાં આપણું સુખ અને બીજાના ભલામાં આપણું ભલું.'' તેઓએ પરોપકાર કરવાની વાત ખુબ સરળ રીતે સમજાવી છે. બીજાના સુખની કામના કરીએ તો આપણે આપોઆપ સુખની અનુભૂતિ કરી શકીએ. બીજાનું ભલું કરવાની વૃત્તિ હોય તો આપોઆપ આપણું પણ ભલું થતું હોય છે. આ માત્ર ઉપદેશવચન નહીં, અનુભાવનની વાત છે.

> નેચર ઑફ ટ્રૂથ ઘણા લોકો ભૂલી જાય છે કે છોડને પાણી આપીશું તો જ તે ફૂલે-ફાલે અને સમય થતા ફળ મળશે. રાતોરાત કોઈ છોડ વૃક્ષ બની શકશે નહીં અને આપણે ફળ ચાખી શકીએ નહીં. એક સરસ ગુજરાતી કહેવત છે કે ''ધીરજનાં ફળ મીઠાં.'' આજના સમયમાં લોકોને ધીરજ, પૅશન ખુટી ગઈ છે અથવા રહી જ નથી.

હિંદીમાં પણ એક ઉક્તિ છે કે ''કર ભલા, હોગા ભલા.'' બીજાનું ભલું કરીએ એટલે આપણું ભલું આપોઆપ થાય જ છે. આ કુદરતનું સત્ય છે. આજનો સમય ઈન્ટરનેટનો છે. બધાને ઝડપ જોઈએ છે, સ્પીડથી પહોંચવું છે અને સર્વત્ર છવાઈ જવું છે. કોઈને રાહ જોવી નથી. બધા શૉર્ટ-કટની ઝંખના લઈને બેઠા છે. બધાને બધું જ પ્રાપ્ત કરી લેવાની ઉતાવળ છે. બધા સ્પર્ધામાં દોડવા તૈયાર છે યા દોડી રહ્યા છે.

જો બીજાને નુકસાન કરીને પણ પોતે આગળ વધી શકતા હોય તો એમ કરવામાં પણ કોઈને ખોટું કર્યાની હીન ભાવના અનુભવાતી નથી. આજના સમયનો આ તકાજો છે. નેચર ઑફ ટ્રૂથ ઘણા લોકો ભૂલી જાય છે કે છોડને પાણી આપીશું તો જ તે ફૂલે-ફાલે અને સમય થતા ફળ મળશે. રાતોરાત કોઈ છોડ વૃક્ષ બની શકશે નહીં અને આપણે ફળ ચાખી શકીએ નહીં. એક સરસ ગુજરાતી કહેવત છે કે ''ધીરજનાં ફળ મીઠાં.'' આજના સમયમાં લોકોને ધીરજ, પૅશન ખુટી ગઈ છે અથવા રહી જ નથી.

દરેક માણસ સુખી થવાની ઈચ્છા રાખે છે. દરેક વ્યક્તિને સુખી થવું હોય છે. સુખી વ્યક્તિને વધુ સુખી થવું હોય છે. સુખની અપેક્ષાનો કોઈ પાર આવતો નથી, મૃત્યુ પર્યંત. ભગવાન સ્વામિનારાયણે સારંગપુર-૧ના વચનામૃતમાં વર્ણન કર્યું છે કે ''ભગવાનનું સુખ કેવું છે?'' અનંત કોટિ બ્રહ્માંડનું સુખ ત્રાજવાના એક પલ્લામાં મૂકો અને બીજી બાજુ દુનિયાનું સુખ ગોઠવો તો ભગવાનના એક રોમનો કરોડમો ભાગ પણ દુનિયાના સુખથી ચઢી જાય. જો આ વાત મનમાં ઉતરે તો દુ:ખનો ખ્યાલ મનમાંથી જતો રહે.

શ્રીજી મહારાજે કહ્યું છે કે ''દુનિયાનું સુખ તો વિષ્ટાતૂલ્ય છે.'' પંચ વિષયનું સુખ યાને દુનિયાનું ઊંચામાં ઊંચુ સુખ પણ ભગવાનના સુખની સરખામણીએ નરકતૂલ્ય છે. યોગીજી મહારાજ તો દુનિયાના સુખને વિષ્ટાતૂલ્ય જ નહિ, કાગવિષ્ટાતૂલ્ય કહેતા. કાગવિષ્ટા એટલે? કાગડો માણસનો કચરો-વિષ્ટા વગેરે ખાય અને પછી પોતે જે વિષ્ટા કરે તે કેવી હોય?

ભગવાન બુદ્ધ કહે છે કે ''સર્વમિદમ્ દુ:ખમ્ દુ:ખમ્...'' દુનિયામાં જે કંઈ છે તે બધું જ દુ:ખ પમાડનારું જ છે. ઈઝરાયલના કિંગ સોલોમન પોતાના સમયકાળમાં દુનિયાનો સૌથી ધનિક રાજવી હતો. તેની પાસે દુનિયાભરની સુખ-સાહ્યબી હતી. ૧,૦૦૦ રાણી હતી અને એ દરેક રાણીના અલાયદા રાણીમહેલ, રાણીવાસ હતા. દરેક રાણી માટે ચાર ઘોડાવાળા રાજવી અને વૈભવી રથ હતા. રાજમહેલોના રસાલાની કલ્પના કરી શકાય? એવા વૈભવનો પાર નથી.

દુનિયાના સૌથી સુખી માણસ કિંગ સોલોમને પોતાના સમગ્ર વૈભવ વિશે એમ કહ્યું હતું કે ''આ બધું જ હવામાં બાચકો ભરવા જેવી વાત છે.'' હવામાં બાચકો ભરવો એટલે શું? તમે હવાને મ્હોંના બાચકામાં કેટલી લઈ શકો? અને બાચકા સિવાય પણ વાતાવરણમાં હવાનું પ્રમાણ કેટલું બધું છે? સુખનું પણ એવું જ છે. તમારી પાસે જેટલું છે એના કરતા અનંત ગણું વધારે અસ્તિત્વમાં હોય છે. આપણે એની કલ્પના કરી શકતા નથી.

શ્રીજી મહારાજે વચનામૃત મધ્યના ૫૯માં કહ્યું છે કે ''ચાર વેદ, સત્શાસ્ત્રો, અઢાર પુરાણ, ભારત આદિ ઈતિહાસ સર્વેમાં એક જ વિક્તિ છે કે ભગવાન અને ભગવાનના સંત સિવાય આ (અલૌકિક) સુખ મળી શકે એમ નથી.'' વચનામૃત છેલ્લાના બીજામાં પણ કહ્યું છે કે ''જેવી પરોક્ષ (ભગવાન)ને વિશે પ્રતીતિ છે એવી પ્રત્યક્ષ – ગુરુરુપ હરિને વિશે પ્રીતિ થાય તો શાસ્ત્રોમાં જેટલી રીતે ભગવદ્ સંબંધી પ્રાપ્તિ કહી છે તે પ્રાપ્ત થાય.''

ગાંધીજીના આધ્યાત્મિક ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે ''જીવ નિજ છંદે કરીને ચાલે પણ કેવળ જ્ઞાન ના પામે. જીવ અનંત જન્મ સુધી સ્વબુદ્ધિએ ચાલે તો પણ આત્મજ્ઞાન ન પામે પણ જેને આત્મસાક્ષાત્કાર થયો હોય એવા ગુરુની આજ્ઞામાં રહીને કાર્ય કરે તો જ જીવનમાં આત્મજ્ઞાન પ્રાપ્ત થાય.''

જસ્ટ ટ્વીટ :

''મન મત્ત થઈને તું કોટિ સાધન કરે,
સદગુરુ શબ્દ વિણ સર્વ કાચું.''

—ભજનવાણી

## વિસરાતી વાનગી



### દુધીયો બાજરો

સામગ્રી :

૫૦૦ ગ્રામ સાફ કરેલો દેશી મોટો બાજરો, ૭૦૦ ગ્રામ ખાંડ, ૪ લીટર ચોખ્ખું દૂધ, ૨૦ ગ્રામ કીસમીસ, પા - કપ કાજુ-બદામની મિક્સ કાતરી થોડી જાડી સમારેલી, ૩ ચમકી નવી ચારોળી, ૩ ચમચી એલચી પાવડર, ૧૦૦ ગ્રામ ટોપરું જાડી છીણ ખમણીને, ૨ ચમચા દેશી ઘી.

રીત :

બાજરો બે-ત્રણ વખત ધોઈ ૫-૬ કલાક પલાળવો. પોચો પડે ત્યારે નીતારી ખીચડાની જેમ ખાંડણીમાં દસ્તાથી ઓખણવો. ફોતરી છુટી પડે ત્યારે કોંટનનાં કપડાં પર ઘરમાં ફેલાવીને સુકવવો. હાત ફેરવતા રહેવું. ફોતરી સાથે ચોંટે નહીં ત્યારે મસળીને ચોક્ખો જાટકવો. છતાં ફોતરી હોય તો ફરીથી મસળીને સુકવવો.

દૂધ ગરમ કરી ઉકળે ત્યારે દૂધમં ઓરવો તેમાં જ બાફવો સતત તળીયા સુધી હલાવતા રહેવું. બાજરો બાફીને દાણો પોંચો પડી દૂધ પણ ઘટ્ટ થવા લાગશે. બાજરાનો દાણો ફાટે તેવો બફાય ત્યારે ખાંડ નાંખવી. ફરી મધ્યમ તાપ પર રાખીને ઉકળે ત્યારે તાપ ધીમો કરવો. તાવેતો ફેરવતાં તળીયું દેખાવા લાગે ત્યારે કીસમીસ નાંખવી. પાંચ મીનીટ હલાવી ગેસ બંધ કરવો. બધો એલચી પાવડર અને કાજુ બદામની કતરણ નાંખી હલાવી, ટોપરાની છીણ અને કાજુ બદામના ટુકડાંથી ગાર્નીસ કરવું. આને સર્વ કરતી વખતે ખીચડાની જેમ ગરમ ઘી નાંખવું.

# સ્વચ્છતા જરૂરી છે...!! દિવાળી પહેલાં ઘરની અને પછીથી મોબાઈલની...!!



### Hello ફ્રેન્ડસ !

સંજય થોરાત 'સ્વજન'
mail@sanjaythorat.com



ઘરના ખૂણાં ખાંચરા સાફ કરી દિવાળીનું સ્વાગત થયું, દિવાળી આવી અને નૂતન વર્ષની ભેટ ધરીને ગઈ... દિવાળીએ લગભગ સૌના સ્માર્ટ ફોનમાં અઢળક શુભેચ્છા સંદેશ, ચિત્રો અને વીડિયો આવ્યાં હશે એટલે હવે મોબાઈલના સફાઈનો વારો છે... આવું જ સ્વચ્છતા અભિયાન્ મોબાઈલ માટે હાથ ધર્યું ત્યારે અમૂક મેસેડ ડિલીટ કરતાં જે દર્દ અનુભવ્યું એ સંદેશ વાંચકો સમક્ષ મૂકવા છે, કોઈ ચિત્ર પણ ચચરાટ કરાવી ગયું, કોઈ કવિતા પણ વાસ્તવિકતાના દર્શન કરાવી ગઈ...

'જિંદગી કે સાથ ભી જિંદગી કે બાદ ભી' જેવી ટૅગ લાઈન ધરાવતાં એલઆઈસી ઑફિસમાં નોકરી કરતાં મિત્ર યોગેશ ભટ્ટે મોકલેલા એક હિન્દી મેસેલને ગુજરાતી અનુવાદ કે જેમાં મહેમાન ન આવ્યોનો વસવસો છે...

'દિવાળીના દિવસે સવારે સંદેશા તો બહુ આવ્યા, પણ મહેમાન કોઈ ના આવ્યા. હવે વિચારું છું કે ડ્રોઈંગ રૂમનો સોફા જ વેચી મારું કે પછી ડ્રોઈંગરૂમનો કન્સેપ્ટ બદલીને ત્યાં વાંચવાનો રૂમ બનાવી દઉં. દિવાળીના બે દિવસ વોટ્સએપ મેસેજ, એફબી મેસેન્જર પર મેસેજ ખોલી, સ્કોલ કરી અને જવાબ ટાઈપ કરી કરીને બંને હાથના અંગૂઠા હવે વાઈબ્રેટ મોડ પર આવી ગયા છે, દુખવા લાગ્યાં છે, સંદેશાઓની અવરજવરના પ્રમાણમાં, શુભેચ્છાઓના ઑવરફલોમાં મેં ઘણીવાર દરવાજા તરફ નજર કરી, ડૉરબેલની સ્વિચ પર ચેક કરી, પણ મહેમાન ના આવ્યા તે ના જ આવ્યા, આ છે આજના જમાનાની દિવાળી !'

નજીકના ખાસ બે-ત્રણ મિત્રો, બે-ત્રણ પાડોશીને જો બાદ કરી દઉં તો આ હળવા-મળવાનો રિવાજ ખત્મ જ થઈ ગયો છે. પૈસાવાળા મિત્રો કે અમીર સગાંહવાલાં મિઠાઈ અને ગિફ્ટ મોકલાવે છે, પણ એ આપવા દરવાજાની બેલ માત્ર એમનો ડ્રાઈવર વગાડે છે. તેઓ જાતે આવતાં જ નથી !

> આમ પણ પહેલાંની માફક કયાં કશુંયે થાય છે?
> એ જ ટેબલક્લોથ છે, ને ચાદરો બદલાય છે.
> હા, સમય બદલાય સાથે કેટલું બદલાય છે,
> તોય એવું લાગતું કેં ભીતરે ગૂંગળાય છે!
> - તુષાર શુક્લ

ખરેખર ઘર હવે ઘર નથી રહ્યું એ પણ ઑફિસના વર્ક સ્ટેશનની જેમ એક સ્લીપ સ્ટેશન બની ગયું છે, એક ગેસ્ટ હાઉસ બન્યું છે. આરામ કરો, નહાવ ધોવો ફ્રેસ થાવ, બ્રેકફાસ્ટ - લંચ લો ચાલતી પકડો. આ ઘર માત્ર ઘર માલિકોનું છે, એમને સમાજ સાથે કોઈ લેવા દેવા નથી. મેટ્રો યુગમાં કદાચ ઘર અને સમાજ વચ્ચેનું નેટવર્ક કપાઈ રહ્યું છે. આપણે હવે સ્વીકારવું જ પડશે કે હવે આ બાળપણ વાળું ઘર નથી રહ્યું. બાળકોને વડીલો વાળી દિવાળીમાં રસ નથી. તેઓ મોબાઈલમાં દીવા જોઈને હરખાય છે!

એમ પણ આજે લગ્ન મેરેજ હોલમાં, બર્થ ડે ડોનાલ્ડ કે પિત્ઝા હટમાં, ડિલીવરી નર્સિંગ હોમમાં અને અંતિમ સંસ્કાર સીધા સ્મશાનમાં જ થાય છે, આ બધા માટે ઘર આવવાનું જાણી જઈને ટાળવામાં આવે છે.

સાચું તો એ પણ છે કે જયારથી ડેબીટ કાર્ડ અને એટીએમ આવ્યા છે, દાગીના લોકરમાં છે ત્યારથી મહેમાન તો શું ચોર પણ ઘરે નથી આવતાં! હું વિચારું છું કે ચોર આવશે તો શું લઈ જશે? ફ્રીજ, સોફા, ટીવી, લેપટોપ, મોબાઈલ, ઑવન... કેટલામાં વેચશે ? અરે રિસેલ માર્કેટ તો ઓ.એલ.એક્સ વાળાએ પચાવી પાડ્યું છે, ચોર માટે એ દરવાજો પણ બંધ છે. પૈસા બધાં એટીએમમાં પડ્યા છે એટલે પિત્ઝા ડિલીવરી બૉય પણ ડેબિટ મશીન સાથે લેતો જ આવ છે ! આ આર્કિટેકના કારણે જ હવે ઘરમાં ડ્રોઈંગરૂમમાં છે, જો બે-ચાર મહેમાન આવતાં બંધ થશે તો ડ્રોઈંગરૂમની જરૂર જ કયાં પડશે?'

દિવાળીએ ઘર સાફસુફી કરી ચમકાવી રાખ્યું હોય, ઝાળા પાડ્યાં હોય, ઘરની ગૃહલક્ષ્મીએ જાતે મહેનત કરી મીઠાઈ-ફરસાણ બનાવ્યા હોય અને ઘરમાં મહેમાન ના આવે બળાપો નીકળવો સ્વાભાવિક જ છે... માહિતી વિભાગના અધિકારી અને આત્મન ફાઉન્ડેશન દ્વારા અનેક સેવાકીય પ્રવૃત્તિ ચલાવતાં પ્રજ્ઞાબેન પટેલનો આવી જ ચિંતા દર્શાવતો હસ્તલિખિત પત્ર મળે મળ્યો છે, જોઈએ એમનાં જ શબ્દોમાં છલકાતી વ્યથા...

દિવાળી આવે છે, આવે છે... ને આવી ને... ગઈ પણ ખરી.

આ તહેવાર જ ચળકાટનો - ઝગમગાટનો. નામ જ એવું.
પર્વોત્સવ... પર્વોનો ઉત્સવ, પ્રકાશનો ઉત્સવ.
સાફ-સ્વચ્છ થયેલું ઘર નવું લાગે, ગમવા માંડે.
નવો સમય પણ સામે આવી ઊભો હોય, વધામણાં કરીએ.

ખબર નહીં, હમણાંથી - છેલ્લાં પ્રત્યેક વર્ષે - પૂરું થાય-નવું બેસે ત્યારે થાય કે, બહુ ભાગદોડમાં વર્ષ વીત્યું. શાંતિ નામની સખી તો જાણે કયાંક ખોવાઈ જ ગઈ છે. મનગમતી નિરાંત તો ઠીક, નિરાંત જ નહીં, કદાચ, હવે મોબાઈલ આપણો ખાસ્સો સમય ખાઈ જતો હોય છે, સંભવ છે, જો કે, ટી.વી. માં સ્વીચ

અનુસંધાન પાના નં. ૫ પર